## જન્મદિને વધામણી



જ્યોત્સનાબેન ઝવેરી
મો. ૯૯૦૪૩ ૮૦૧૭૩



જય ઓઝા
શિક્ષક, દિલ્હી પબ્લિક સ્કૂલ
કોલમીસ્ટ, ગાંધીનગર સમાચાર
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮



ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



રાજેશ્રીબેન
હેમેન્દ્ર ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫



મધુકર એફ પરમાર
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

### એઅેફએસ અંતર્ગત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના દસ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકો

# ક્લાસ એક્સચેન્જ કાર્યક્રમ માટે બેંગ્લોર જશે



ગાંધીનગર, તા. ૨૩

એઅેફએસ અંતર્ગત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી એન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલના દસ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકો બેંગ્લોર ખાતે ક્લાસ એક્સચેન્જ કાર્યક્રમ માટે જઈ રહ્યાં છે. શાળામાં વિવિધ વિષયોનું શિક્ષણ અને સંસ્કૃતિનું આદાન-પ્રદાન આ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા કરવામાં આવશે. વિદ્યાર્થીઓ બેંગ્લોરમાં સ્થાનિક પરિવારો સાથે રહેશે અને જીવનશૈલીના નૂતન અભિગમોને સમજીને અપનાવવા પ્રયાસ કરશે.

શિક્ષક શૂપર્ણા મુખર્જી અને નદીમ મેમણ સાથે વિદ્યાર્થી ઈશા દિપકભાઈ ગોર, વિશ્વા ભાવેશભાઈ ભાવસાર, સર્વજ્ઞા સંજયભાઈ ગોર, શૈલજા પ્રજ્ઞેશભાઈ પટેલ, યશ્વી પંકજભાઈ પ્રજાપતિ, માલવી પરિમલભાઈ પરમાર, પ્રિયાંશ પંકજભાઈ ત્રિવેદી, આર્યન કેતનભાઈ શાહ અને હિતેન્દ્રસિંહ પ્રવીણસિંહ ઝાલા આ કાર્યક્રમમાં જોડાઈ રહ્યા છે.

રક્ષાબંધનના પવિત્ર તહેવારના દિવસે આ ટીમ બેંગ્લોર જવા રવાના થશે અને પોતાના બેંગ્લોરના ભાઈઓને રાખડી બાંધશે. એઅેફએસ ગાંધીનગરનાં પ્રમુખ ડૉ. વર્ષા પારેખ અને સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી આ ટીમને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## આજે સંસ્કાર ગૃપ દ્વારા પોતાની ૧૫મી વર્ષગાંઠની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૩

બાળકોની પ્રવૃત્તિઓમાં રત સંસ્કાર ગૃપ પોતાની સ્થાપનાની ૧૫મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે.

સંસ્થાના પ્રમુખ તુષાર દવેએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે તા. ૨૪ ઑગષ્ટના દિવસે સંસ્થા ૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૫મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે. આ પ્રસંગે બાળકોને મીઠું મોઢું કરાવવામાં આવશે અને સંસ્થાનાં સભ્ય બાળકો દ્વારા સૅક્ટર-૭ના બગીચામાં ઊભેલાં વૃક્ષોને રાખડી બાંધવામાં આવશે. આ રાખડી બાળકો દ્વારા જાતે તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત નગરના સિનિયર અભિનેતા હસમુખ મૅકવાન સાથે બાળકોના વાર્તાલાપનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

જાહેર ઉદ્યાન, સુવિધા કચેરી પાસે, સૅક્ટર-૭ ખાતે સાંજે ૫.૪૫થી ૭ દરમિયાન આયોજિત આ કાર્યક્રમનો લાભ લેવા માટે સંસ્થાના સભ્ય ઉપરાંત રસ ધરાવતાં સૌ બાળકોને સંસ્થા તરફથી તેમણે ઈજન પાઠવ્યું છે.

## જીએસટીઆર-૩બી રિટર્ન હવે ૨૪ ઓગસ્ટ સુધી ભરી શકાશે

ગાંધીનગર, તા. ૨૩

સરકારે જુલાઈ મહિના માટે જીએસટી બ્રીફ સેલ રિટર્ન (જીએસટીઆર-૩ બી) રિટર્ન ભરવાની તારીખ લંબાવીને ૨૪ ઓગસ્ટ કરી છે. અગાઉ જીએસટીઆર-૩ બી ભરવાની છેલ્લી તારીખ ૨૦ ઓગસ્ટ હતી. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે જુલાઈ મહિનાના જીએસટીઆર-૩ બી ભરવાની છેલ્લી તારીખ લંબાવીને ૨૪ ઓગસ્ટ, ૨૦૧૮ કરવામાં આવી છે. કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે કેરળમાં પ્રચંડ પૂરની કુદરતી આપત્તિના કારણે ત્યાં જીએસટીઆર-૩ બી ફાઈલ કરવાની તારીખ ૫ ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે કે જેથી ત્યાંના વેપારીઓને આ રિટર્ન ભરવા માટે પૂરતો સમય મળી શકે, જ્યારે અન્ય તમામ રાજ્યોમાં વેપારીઓએ ૨૪ ઓગસ્ટ સુધીમાં જીએસટીઆર-૩-બી રિટર્ન ફાઈલ કરવું પડશે. વાસ્તવમાં ૨૦ ઓગસ્ટ આ રિટર્ન ફાઈલ કરવા માટેની છેલ્લી તારીખ હતી, પરંતુ હવે વેપારીઓની મુશ્કેલીઓને ધ્યાને લઈને તારીખ ૨૪ ઓગસ્ટ સુધી લંબાવી આપવામાં આવી છે તે એક સારો નિર્ણય છે. જુલાઈમાં જીએસટીનું કલેક્શન રૂ. ૯૬,૪૮૩ કરોડ રહ્યું હતું, જ્યારે તેના અગાઉના જૂન મહિનામાં આ કલેક્શન રૂ. ૯૫,૬૧૦ કરોડ હતું.

### જન્માષ્ટમી નિમિત્તે

## વૈષ્ણવ સમાજ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને રા.પુ. માર્ગવૈષ્ણવ પરિવારના સંયુક્ત ઉપક્રમે પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે જન્માષ્ટમીના તહેવારને અનુલક્ષીને ૩ સપ્ટેમ્બરના રોજ ચિત્ર હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના ઉપપ્રમુખ રસિકભાઈ ગાંધી અને મંત્રી હર્ષદ ગાંધીએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આ ચિત્ર સ્પર્ધામાં માત્ર વૈષ્ણવો જ ભાગ લઈ શકશે. જે વૈષ્ણવો સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે આ અંગેનાં ફૉર્મ હવેલી કાર્યાલયમાંથી મેળવી લેવાનાં રહેશે અને તા. ૧ સપ્ટેમ્બર સુધીમાં ભરીને પરત જમા કરાવી દેવાનાં રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલાં ફૉર્મ ધ્યાને લેવામાં આવશે નહીં, એમ તેમણે આ અખબારી યાદીમાં વધુમાં જણાવ્યું છે.

## ધોરણ-૯,૧૧ની પરીક્ષા બોર્ડ લેશે તેવો નિર્ણય સીઆઈએસસીઈએ પડતો મૂક્યો

ગાંધીનગર, તા. ૨૩

સીઆઈએસસીઈ (કાઉન્સિલ ફોર ઈન્ડિયન સ્કૂલ સર્ટીફિકેટ એકઝામિનેશન) બોર્ડ ધોરણ ૯ અને ૧૧ની પરીક્ષા બોર્ડ પોતે જ લેશે તેવો જાહેર કરેલો નિર્ણય ગણતરીના દિવસોમાં જ પડતો મૂકવો પડ્યો છે.

૨૪ જુલાઈના રોજ બોર્ડ દ્વારા પરિપત્ર જાહેર કરાયો હતો કે સીઆઈએસસીઈની માન્યતા ધરાવતી તમામ શાળાઓનાં ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા બોર્ડ લેશે પરંતુ ફરી બોર્ડ આખરી સર્ક્યુલર જાહેર કર્યો છે કે આ પરીક્ષા પહેલાની જેમ જ સ્કૂલો દ્વારા જ લેવાશે. પરીક્ષા માટેની આખરી તૈયારી પૂરી ન થતાં આ નિર્ણય લીધો હોવાનું જણાવાયું છે. બોર્ડની પરીક્ષા માટેના પ્રશ્નપત્રો ઈન્ટિગ્રેટેડ ફોર્મમાં સ્કૂલમાં પહોંચાડવા તેના માટેના સોફ્ટવેર અને ટેક્નિકલ મુદ્દાઓની જે જરૂરિયાત છે તે સમયસર પૂરી થઈ ન થતાં તે હવે જ્યારે તૈયાર થશે અને બોર્ડ તેની ચકાસણી કરશે ત્યાર બાદ જ તેનો અમલ થશે તેથી આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં તેની અમલવારી થશે. અગાઉ બોર્ડ દ્વારા આ પરીક્ષાનું શેડ્યૂલ પણ જાહેર કરી દેવાયું હતું. પરીક્ષા નવેમ્બર ૨૦૧૮ અને ફેબ્રુઆરી ૨૦૧૯માં લેવાની હતી હવે બોર્ડ દ્વારા પરીક્ષા બાબતે જ્યાં સુધી નવો સર્ક્યુલર જાહેર ન થાય ત્યાં સુધી બંને પરીક્ષાઓ શાળા કક્ષાએ લેવાશે. બોર્ડે પણ જાહેર કર્યું છે કે હવે પછીની સત્રાંત પરીક્ષાઓ બોર્ડ વર્ષ ૨૦૧૯-૨૦માં લેશે. તેના માટેનું કામચલાઉ શેડ્યૂલ ૪થી ૨૫ નવેમ્બર ૨૦૧૯ અને ૧૦ ફેબ્રુઆરીથી ૪ માર્ચ ૨૦૨૦ રહેશે. મોટાભાગની શાળાઓએ બોર્ડના શેડ્યૂલને ધ્યાને રાખીને જ કોર્સ ચલાવ્યા હતા.

## રેલ મુસાફરોને રાહત મળવાની શક્યતા ફ્લેક્સી ફેર સિસ્ટમ દૂર થવાની વકી

ગાંધીનગર, તા. ૨૩

જો તમે ટ્રેનમાં મુસાફરી કરો છો અને ભારતીય રેલવેના ફ્લેક્સી ફેર સિસ્ટમથી પરેશાન છો તો આ સમાચાર તમને અસર કરશે. સંસદીય સમિતિ તરફથી કરેલ જાહેરાતથી થોડી રાહત મળશે તેવું લાગી રહ્યુ હતુ. સંસદીય સમિતિએ પ્રિમિયમ ટ્રેનોમાં મુસાફરી કરનારા યાત્રિકો પાસેથી હવાઈ યાત્રાનું ભાડુ વસુલવાની વાતની નીંદા કરી હતી. આપને જણાવી દઈએ કે ભારતીય ટ્રેનમાં થોડા સમયથી ફ્લેકસી ફેર સિસ્ટમથી ભાડુ વસુલવામાં આવી રહ્યું છે.સંસદીય સમિતિએ આ સિસ્ટમનો વાંધો ઉઠાવ્યો હતો, જેથી થોડો સમય એવું લાગી રહ્યુ હતુ કે ફ્લેક્સી ફેર સિસ્ટમ હટાવી દેવાશે જેથી કરીને મુસાફરોને થોડી રાહત મળશે.

હાલ તો ટ્રેનમાં મુસાફરી કરનારા યાત્રિકોને ફ્લેકસી ફેર સિસ્ટમ પ્રમાણે જ ભાડુ આપવાનું રહેશે. જો કે ફ્લેકસી ફેર સિસ્ટમમાં થોડો ફેરફાર કરાશે.ફ્લેક્સી ફેર સિસ્ટમ ૧૬૮ પ્રિમિયમ ટ્રેનોમાં શરૂ કરવામાં આવ્યુ હતુ. ૯ સપ્ટેમ્બર ૨૦૧૬ના આ સિસ્ટમ રાજધાની, શતાબ્દી અને દુરંતોમાં અમલી કરાયુ હતુ. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ (સપ્ટેમ્બરથી માર્ચ), ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના એપ્રીલ જૂન સુધી ક્રમશઃ ૩૭૧, ૮૬૦ અને ૨૬૨ કરોડની વધારાની કમાણી કરી હતી. રેલવે બોર્ડે ડિસેમ્બર ૨૦૧૭માં ફ્લેક્સી ફેર સિસ્ટમના રિવ્યૂ માટે એક કમિટિની રચના કરી હતી. આ કમિટિએ ફ્લેક્સી ફેરથી યાત્રિકો અને રેલવેની આવક પર થતી અસર પર અધ્યયન કરી રિપોર્ટ તૈયાર કર્યો હતો. કમિટિના રિપોર્ટબાદ કેટલાક ફેરફાર કરવાની ભલામણ સાથે રિપોર્ટ સોંપવામાં આવ્યો. જો કે હજુ રેલમંત્રી પીયૂષ ગોયલ દ્વારા ફરી રિપોર્ટ પર નિર્ણય આવવાનો બાકી છે. એવા પણ સમાચાર છે કે રેલવે પ્રિમિયમ ટ્રેનોમાં કેટલીક ખાસ સર્વિસ આપવાનો નિર્ણય લેવાઈ રહ્યો છે. સાથે સાથે ટ્રેન તેના સમયે પહોંચે મુસાફરોને બહુ તકલીફ ન પડે એ માટે ટ્રેનોને જીપીએસ સાથે જોડવાનું વીચારાઈ રહ્યુ છે.

## રેલવેયાત્રી હવે બુક્ડ ટિકિટમાં જર્ની ડેટ અને યાત્રાનું સ્થળ પણ બદલી શકશે

### યુઝર આઈઆરસીટીસીની વેબસાઈટ પર જઈને પોતાનું એકાઉન્ટ લોગ ઈન કરીને બોર્ડિંગ સ્ટેશન બદલી શકે છે

ગાંધીનગર, તા. ૨૩

જો તમે ૨૪ ઓગસ્ટના રોજ યાત્રા કરવા માટે ટ્રેનની ટિકિટ બુક કરાવી હોય અને કોઈ કારણસર તમારે યાત્રાની તારીખ બદલવી પડે તો તમે શું કરશો? તમે ફરી વખત ટિકિટ બુક કરાવીને તે કન્ફર્મ પણ થઈ જાય તેવું વિચારતાં હો તો તેની કોઈ ગેરંટી હોતી નથી, જોકે હવે આ સમસ્યાનું સમાધાન રેલવે પાસે મળી જશે.

રેલવે સ્ટેશન કાઉન્ટર પર બુક કરાયેલી ટિકિટમાં યાત્રાની તારીખને બદલવાની સુવિધા પણ ઈન્ડિયન રેલવે આપે છે. રેલવે પોર્ટલ પર આ જાણકારી ઉપલબ્ધ છે, જોકે આ માટે થોડો ચાર્જ ચૂકવવો પડે છે, સાથે-સાથે આવું માત્ર ઓફલાઈન માધ્યમથી બુક ટિકિટ પર જ થઈ શકે છે.

આઈઆરસીટીસી ઓનલાઈન માધ્યમથી બુક કરેલી ટિકિટ પર આ સુવિધા આપતું નથી. બુક કરેલી ટ્રેન ટિકિટમાં યાત્રાની તારીખને બદલવા માટે તમારે સ્ટેશન કાઉન્ટર પર જવું પડે છે અને એક ટિકિટમાં તારીખમાં ફેરફાર માત્ર એક જ વાર થઈ શકે છે. યાત્રાની તારીખમાં ફેરબદલ મોડામાં મોડા ટ્રેનના ડિપાર્ચરથી બે દિવસ પહેલાં કરવુ પડે છે.

યુઝર આઈઆરસીટીસીની વેબસાઈટ પર જઈને પોતાનું એકાઉન્ટ લોગ ઈન કરીને બોર્ડિંગ સ્ટેશનનું નામ બદલી શકે છે. ઈન્ડિયન રેલવે આ માટે બોર્ડિંગ સ્ટેશનના નામમાં ફેરબદલની અનુમતિ આપતું નથી, જ્યારે ટિકિટ ઓફલાઈન મોડમાં બુક થઈ હોય.

જે યાત્રીએ આઈઆરસીટીસીના માધ્યમથી ઓનલાઈન ટિકિટ બુક કરાવી હોય તે ટ્રેનના ડિપાર્ચરથી ૨૪ કલાક પહેલાં બોર્ડિંગ સ્ટેશનના નામમાં ફેરબદલ કરી શકે છે.

રેલવેના વર્તમાન નિયમ મુજબ કન્ફર્મ ઈ-રિઝર્વેશન ટિકિટ પર યાત્રીના નામમાં ફેરબદલની પણ અનુમતિ છે. ૨૪ કલાક પહેલાં યાત્રી આ માટે અરજી કરી શકે છે અને પોતાની ટિકિટ પરિવારના અન્ય સભ્યના નામે ટ્રાન્સફર કરી શકે છે.

## ‘આપણા આહારમાં ગાયના દૂધનું મહત્ત્વ’ વિષયે સાદરા વિદ્યાપીઠમાં વક્તવ્ય યોજાયું



ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે પ્રાધ્યાપક રમેશભાઈ મ પટેલ દ્વારા ‘આપણા આહારમાં ગાયના દૂધનું મહત્ત્વ’ વિષયે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. ૧૮૦ વિદ્યાર્થીઓએ માનવજીવનમાં દૂધની ઉપયોગીતા, દૂધનાં ઘટક તત્ત્વો, દૂધના પ્રકારો, દૂધમાં રહેલા જીવાણુ, સ્વચ્છ દૂધ ઉત્પાદન અને ગાંધી આશ્રમોમાં ગૌશાળાઓની ભૂમિકા વિષયે વિશદ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. વક્તાનો પરિચય પ્રા. ડૉ. કનુભાઈ વસાવાએ આપ્યો હતો અને આભારદર્શન ડૉ. દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

## સેવાઓની જરૂર હોય તો કર્મચારીને સ્વૈચ્છિક નિવૃત્તિ આપવાના ના પાડી શકાય : સુપ્રિમ

ગાંધીનગર, તા. ૨૩

સુપ્રિમ કોર્ટે એક ચુકાદામાં કહ્યું છે કે સેવાઓની જરૂર હોય તો કર્મચારીને સ્વૈચ્છીક સેવા નિવૃતિ આપવાની ના પાડી શકાય છે. જસ્ટીસ અરૂણ મિશ્રા અને એસ.એ. નઝીરની બેંચે ઉત્તર પ્રદેશના એક ડોકટર જેણે યુપી સ્વાસ્થ્ય સેવામાંથી સ્વૈચ્છીક સેવા નિવૃતિની અરજી કરી હતી. તેના કેસમાં આવો ચુકાદો આપ્યો હતો. બેંચે સેવા નિવૃતી આપવાની ના પાડી શકાય.

ડો. અચલસિંહ મેડીકલ હેલ્થ અને ફેમીલી વેલફેર સેંટરમાં સંયુકત નિર્દેશક તરીકે કામ કરતા હતાં. તેમણે સરકારને સ્વૈચ્છીક સેવા નિવૃતિની નોટીસ આપી હતી. પણ સરકારે તેમની અરજી નામંજૂર કરી હતી. તેમણે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી અને હાઈકોર્ટે નિયમો (ફંડામેન્ટલ રૂલ્સ નિયમ-૫૬-સી) ને જોતા તેમને સેવા નિવૃત કરવાનો હુકમ કર્યો. આ હુકમની વિરૂધ્ધ સરકાર સુપ્રિમ કોર્ટમાં ગઈ. સરકારે કહ્યું કે પ્રદેશ સ્વાસ્થ્ય સેવામાં ડોકટરોની બહુ તંગી છે. આ કારણે સ્વૈચ્છીક સેવા નિવૃતિની અરજી નથી સ્વિકારવામાં આવી. જયારે ડોકટરના વકીલની દલીલ હતી કે રીટાયરમેન્ટ લેવાનો કર્મચારીને અધિકાર છે અને જો કોઈ ખાતાકિય કાર્યવાહી તેની સામે ચાલતી હોય તો જ તેને તેમ કરતા રોકી શકાય. એક વાર સેવા નિવૃતિ માટે ત્રણ મહીનાની નોટીસ અપાઈ હોય તો તે તારીખથી ત્રણ મહીના પછી તેને રીટાયર માની લેવામાં આવે છે.

## ઈન્કમટેક્ષ રિફંડ રિટર્ન ફાઈલ કર્યાના ૧૫ દિવસમાં મળશે

ગાંધીનગર, તા. ૨૩

ઈક્મટેક્સ કરદાતાઓ માટે હવે રાહતના સમાચાર છે. હવે ઈક્મટેક્સ રિફંડ રિટર્ન ફાઈલ કર્યાના ૧૫ દિવસમાં જ મળી જશે. અગાઉ ઈક્મટેક્સ રિફંડ પેમેન્ટમાં સરેરાસ બેથી ત્રણ મહિનાનો સમય લાગતો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસ (સીબીડીટી)એ ઈક્મટેક્સ વિભાગને રિફંડ ચૂકવવાની પ્રક્રિયા ઝડપી કરવા જણાવ્યું છે.

ઈક્મટેક્સ વિભાગના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા પ્રમાણે જેમનું ઈક્મટેક્સ રિટર્ન સબમિટ થઈ ગયું છે અને ઈ-વેરિફિકેશન થઈ ગયું છે તેવા લોકોનું રિફંડ ૧૦થી ૧૨ દિવસમાં આવી જાય છે તેથી હવે ઈક્મટેક્સ વિભાગ રિફંડ ચૂકવવા ઝડપથી કામ કરી રહ્યો છે.

અધિકારીના જણાવ્યા પ્રમાણે જેમનું રિફંડ તૈયાર થઈ જાય છે, પરંતુ ઈ વેરિફિકેશન થતું નથી તેમના રિફંડમાં વિલંભ થવા શક્યતા છે. આથી ઈક્મટેક્સ કરદાતા પોતાનું ઈક્મટેક્સ રિટર્ન ભરવાની સાથેસાથે ઈ વેરિફિકેશન પણ જલ્દી કરાવી લે. જો તમારો ટેક્સ વધુ કપાઈ ગયો હોય તો તમે ઈક્મટેક્સ રિટર્ન ફાઈલ કરીને રિફંડ ક્લેઈમ કરી શકો છો.

## લિટલ મિરેકલ પ્લે સ્કૂલ કેરાલા પૂરગ્રસ્તોની વ્હારે




લિટલ મિરેકલ પ્લે સ્કૂલ દ્વારા કેરાલા પૂરગ્રસ્તોની સહાય માટે દાન ઉઘરાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ માટે સ્કૂલમાં જરૂરિયાતની વિવિધ વસ્તુઓ એકત્ર કરવા માટે બૂથ તૈયાર કરવામાં આવ્યું છે. અહીં એકત્ર થયેલી વસ્તુઓ કેરાલા પૂરગ્રસ્તોની સહાય માટે મોકલવામાં આવશે. પ્લે સ્કૂલ દ્વારા કેરાલાને પુનઃ ઉત્થાપનમાં સહાયભૂત થવા માટે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

## અમદાવાદ ભવન્સ હોલમાં શનિવારે જાહેર નાટ્યપ્રયોગ

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસિસ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે આવેલ ભવન્સ કલ્ચરલ સેંટરમાં સમગ્ર વર્ષ દરમ્યાન સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં એક ખાસ કાર્યક્રમ શ્રેણી ‘ આઉટરીચ કલ્ચરલ પ્રોગ્રામ’ અંતર્ગત અનેક યુવાન અને શિક્ષા ગ્રહણ કરી રહેલા કલાકારોના જાહેર કાર્યક્રમનું આયોજન કરી યોગ્ય મંચ પૂરો પડાઈ રહ્યો છે. આ શ્રેણીના ૩૦ માં જાહેર કાર્યક્રમ તરીકે “સાકાર મેં રાજા કા સાલા” નાટકનું આયોજન ભારતીય વિદ્યા ભવનના જે. એ હોલમાં તારીખ ૨૫.૮.૨૦૧૮ના રોજ સાંજે ૮.૩૦કલાકે કરવામાં આવ્યું છે.



ભવન્સ કલ્ચરલ સૅન્ટર, અમદાવાદના નિયામક જીગર રાણાએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે હિન્દી નાટક “સાકાર મેં રાજા કા સાલા” મૂળ સંસ્કૃત નાટક “મૃછકટિક્મ” પર આધારીત છે જેના મૂળ પાત્ર સાકારને મધ્યમાં રાખીને આ નાટકનું નિર્માણ થયું છે. આ નાટકમાં કલ,આજ ઓર કલની વાત છે. જેમાં સમય કે દેશનું બંધન નથી. વિશ્વમાં જ્યાં જ્યાં રાજ્ય પરિવર્તન થયું છે ત્યાંની વાત આ નાટકમાં પ્રતિકાત્મ રીતે રજુ કરવામાં આવી છે. આ નાટકમાં સાકારની મુખ્ય ભૂમિકા તથા નિર્દેશન જયકૃષ્ણ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું છે જે પ્રો. જનક દવેના સૌજન્યથી કરવામાં આવ્યું છે. જેમાં સંગીત જાણીતા સંગીતકારની જોડી સમીર માનાએ આપ્યું છે અને સહ નિર્દેશન શિલ્પા ઠાકર દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ જાહેર જનતા માટે નિઃશુલ્ક આયોજિત કરવામાં આવ્યો છે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## જાપાનની સ્કૂલોમાં રોબોટ શીખવશે અંગ્રેજી ભાષા

ગાંધીનગર, તા. ૨૩

જાપાનની સ્કૂલમાં અંગ્રેજી શીખવવા માટે રોબોટ તહેનાત કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ રોબોટ બાળકોને અંગ્રેજીમાં વાત કરવાનું શીખવશે. ચીનમાં વિશ્વ રોબોટ સંમેલનમાં રોબોટ ડોકટર, શિક્ષક અને સૈનિકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ચીનના આ રોબોટસને ભવિષ્યનાં મશીન કહેવાય છે. શિક્ષણ મંત્રાલય એપ્રિલ-૨૦૧૯માં દેશની ૫૦૦ સ્કૂલમાં પાઈલટ પ્રોજેક્ટ હેઠળ રોબોટ અને એપ અને ઓનલાઈન કન્વર્સેશનનો સહારો પણ લેવાશે. જાપાનની સ્કૂલો પર બાળકોને અંગ્રેજી શીખવવાનું દબાણ છે, પરંતુ દરેક સ્કૂલ વધતા ખર્ચને કારણે અંગ્રેજીનો શિક્ષક રાખી શકતી નથી.